# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) ભારતમાં આવતા મહિને ગ્લોબલ A.I. ઇમ્પેક્ટ સમિટ યોજાશે – રાજસ્થાનમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની જાહેરાત

2) કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું, વિકસિત ભારતના નિર્માણ અને દેશના ભવિષ્યને સલામત કરવા કુપોષણની નાબૂદી જરૂરી

3) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ વિકસિત ભારત – જી રામ જી કાયદો ગ્રામીણ વિકાસ ક્ષેત્રે મહત્વની સિદ્ધિ તરીકે સાબિત થશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો.

4) ઉત્તરપ્રદેશમાં S.I.R. પ્રક્રિયા બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર

5) મલેશિયા બૅડમિન્ટન સ્પર્ધામાં સિંગાપોરના ખેલાડીને હરાવી ભારતીય ખેલાડી લક્ષ્ય સેન બીજા તબક્કામાં પહોંચ્યા.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ASHWINI VAISHNAW

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I, આરોગ્ય, સેવા, શિક્ષણ, ખેતી, ઉત્પાદન, શાસન અને માળખાગત સુવિધાઓ જેવા ક્ષેત્રમાં પરિવર્તનશીલ શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. રાજસ્થાનના જયપુરમાં યોજાયેલી A.I.. પરિષદને વર્ચ્યૂઅલી સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું , કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I. એ માત્ર ભવિષ્યની ટૅકનોલૉજી જ નહીં, પરંતુ એક શક્તિશાળી સાધન પણ છે, જે માનવજીવન અને કાર્યને ફરીથી આકાર આપી રહ્યું છે.

શ્રી વૈષ્ણવે આવતા મહિને ભારતમાં ગ્લોબલ A.I. ઇમ્પેક્ટ સમિટ યોજાવવાની જાહેરાત કરતા કહ્યું , તેના કારણે આગામી વર્ષમાં દસ લાખ યુવાન અને નાના ઉદ્યોગસાહસિક - A.I. કૌશલ્ય પ્રાપ્ત કરશે.

(BYTE: ASHWINI VAHSINAW)

. . . .

# GOYAL MALNUTRITION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું , વિકસિત ભારતના નિર્માણ અને દેશના લાંબાગાળાના સામાજિક અને આર્થિક ભવિષ્યને સલામત કરવા કુપોષણની નાબૂદી જરૂરી છે. નવી દિલ્હીમાં એક સંમેલનમાં શ્રી ગોયલે કહ્યું , કુપોષણ એક મોટો પડકાર છે અને તેના માટે સંકલિત કાર્યવાહીની જરૂર છે.

તેમણે કહ્યું , નિગમ સામાજિક જવાબદારી – CSR વેપારને સામાજિક અસરથી જોડવાની તક આપે છે. ખાસ કરીને કુપોષણને પહોંચી વળવામાં. તેમણે કહ્યું, કુપોષણ સામેની લડાઈને એક સામૂહિક રાષ્ટ્રીય જવાબદારી તરીકે આગળ વધારવી જોઈએ. કુપોષણને દૂર કરવામાં મહિલા અને બાળવિકાસ મંત્રાલયની મુખ્ય ભૂમિકા પર પણ શ્રી ગોયલે ભાર આપ્યો હતો.

(BYTE: PIYUSH GOYAL)

. . . . .

# YOGI G RAM G

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું , વિકસિત ભારત – જી રામ જી કાયદો 2025 દેશના ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં મહત્વની સિદ્ધિ તરીકે સાબિત થશે અને તે વિકસિત ભારતનો પાયો નાખશે. લખનઉના લોકભવનમાં વર્ષની પહેલી મંત્રીમંડળની બેઠક બાદ શ્રી આદિત્યનાથે કેન્દ્ર સરકારના આ નિર્ણયની પ્રશંસા કરતા તેને મહત્વનો કાયદો ગણાવ્યો.

શ્રી આદિત્યનાથે કહ્યું , આ કાયદાને પારદર્શક પ્રક્રિયા સુનિશ્ચિત કરવા , રોજગારની તકનું સર્જન કરવા , બાંહેધરી આપવા અને ગ્રામીણ ક્ષેત્રમાં સ્થાયી મિલકતનું નિર્માણ કરવા પસાર કરાયો છે. તેનાથી ગ્રામીણ માળખાકીય સુવિધામાં વધારો થશે.

. . . . . .

# PRAGATI SPECIAL STORY

સક્રીય સુશાસન અને યોજનાઓના સમયસર અમલીકરણ માટે પ્રધાનમંત્રીના મુખ્ય તંત્ર પ્રગતિ-એ પોતાની 50-મી બેઠક સાથે મહત્વની સિદ્ધિ મેળવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં આ તંત્રનો શુભારંભ કરાવ્યો હતો. તેના માધ્યમથી પ્રધાનમંત્રીની સીધી સમીક્ષાના કારણે માળખાકીય સુવિધાઓની યોજનાઓની સમયસર દેખરેખ અને મુદ્દાઓનું સમાધાન શક્ય બન્યું છે.

પ્રગતિએ કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રીય મંત્રાલયોને એક જ ડિજિટલ મંચ પર લાવીને સહકારી સંઘવાદનું સશક્ત ઉદાહરણ રજૂ કર્યું છે. પ્રગતિથી નિર્ણય લેવાની પ્રક્રિયા, યોજનાઓમાં વિલંબના કારણોનું સમાધાન અને જવાબદારી નક્કી થવામાં મદદ મળી છે. આ માત્ર દેખરેખ નહીં, પરંતુ વહીવટી સુધારાઓનું માધ્યમ પણ સાબિત થયું છે. આ વિશેષ શ્રેણીમાં આજે બ્રહ્મપુત્ર નદી પર બનેલા બોગીબીલ રેલવે કમ રોડ બ્રિજ પર નજર કરીએ.

. . . .

# REV UP SIR

ચૂંટણી પંચે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા બાદ ઉત્તરપ્રદેશની મુસદ્દા મતદાર યાદી જાહેર કરી છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિન્વાએ આજે બપોરે લખનઉમાં પત્રકારોને જણાવ્યું , આ યાદીમાં 12 કરોડ 55 લાખ 56 હજાર 25 મતદારના નામ છે. તેમણે કહ્યું , વર્તમાન મતદાર યાદીના 81 પૂર્ણાંક ત્રણ ટકા મતદારોએ નવી મુસદ્દા મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

(BYTE: NAVDEEP RINVA, CEO, UP)

નવી મુસદ્દા મતદાર યાદીમાં કુલ બે કરોડ 89 લાખ મતદારોના નામ મળ્યા નથી. જ્યારે મૃતક મતદારોની સંખ્યા 46 લાખથી વધુની છે. બે કરોડ 17 લાખ મતદારોના નામ બૂથ સ્તરના અધિકારીઓ દ્વારા કરાયેલી S.I.R. પ્રક્રિયા દરમિયાન મળ્યા ન હોવાનું જણાયું છે.

રાજ્યની મતદાર યાદીની અંતિમ પ્રકાશન છ માર્ચે કરાશે. ત્યારબાદ મતદારોને દાવા અને વાંધાઓ રજૂ કરવા માટે એક મહિનાનો સમય અપાશે.

. . . . . . .

# EC WB

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના કથિત આંકડાઓની વિસંગતતા કે ત્રુટિઓ સંબંધિત તમામ નૉટિસ આગામી ચારથી પાંચ દિવસમાં સંબંધિત મતદારો સુધી પહોંચાડવા કડક નિર્દેશ આપ્યો છે. પંચે જણાવ્યું , આ કામમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી નહીં લેવાય.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આજથી દરેક વિધાનસભા વિસ્તારમાં આવી કેટલી નૉટિસ મોકલવામાં આવી છે. તેનો દરરોજનો અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

રાજ્યમાં મતદાર યાદીની S.I.R. પ્રક્રિયા દરમિયાન અંદાજે એક કરોડ 36 લાખ મતદારોના આંકડાઓમાં વિસંગતતા જોવા મળી હતી. બાદમાં ખરાઈ અને સુધારણા બાદ આ સંખ્યા ઓછી થઈ છે. નવા આંકડાઓ મુજબ , આવા મતદારોની સંખ્યા ઘટીને 95 લાખ જેટલી રહી છે.

. . . . . . . . .

# BADMINTON

ભારતના લક્ષ્ય સેને મલેશિયાના કુઆલાલમ્પુરમાં મલેશિયા ઑપન સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં સિંગાપોરના જિયા હેન્ગ જેસન તેહ-ને હરાવી પુરુષ સિંગલ્સના બીજા તબક્કામાં પ્રવેશ કર્યો છે.

તેમનો આગામી મુકાબલો ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ અથવા હૉન્ગકૉન્ગના લી ચેઉક ચિઉ સાથે થશે. જ્યારે મહિલા સિંગલ્સમાં માલવિકા બંસોડનો પહેલા તબક્કામાં પરાજય થયો હતો. પુરુષ વર્ગમાં આયૂષ શેટ્ટીનો મુકાબલો મલેશિયાના લી ઝી જિયા સાથે થશે. પુરુષ ડબલ્સમાં એમ. આર. અર્જુન અને હરિહરન આમસકારૂનન-ની જોડીનો મુકાબલો જાપાનની જોડી સાથે થશે.

. . . . .

# JAISHANKAR LUXEMBOURG

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે આજે કહ્યું , ભારત-લક્ઝમબર્ગના સંબંધ ઘણા ગાઢ છે અને ભારત લક્ઝમબર્ગને મહત્વનું ભાગીદાર માને છે. લક્ઝમબર્ગના વિદેશ મંત્રી ઝેવિયર બેટેલ સાથેની મુલાકાતમાં ડૉક્ટર જયશંકરે ભારત અને યુરોપીયન સંઘ વચ્ચેના સંબંધને વધુ ગાઢ બનાવવા લક્ઝમબર્ગનો આભાર વ્યક્ત કર્યો.

આ પહેલા ડૉક્ટર જયશંકરે લક્ઝમબર્ગના પ્રધાનમંત્રી લ્યૂક ફ્રિડેન સાથે મુલાકાત કરી. દરમિયાન બંને દેશ વચ્ચે નાણાકીય સેવાઓ , રોકાણ, ટેક્નોલૉજી અને નવીનતા ક્ષેત્રમાં વધતા સહકાર અંગે ચર્ચા થઈ. ડૉક્ટર જયશંકરે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપી. તેમણે ભારત યુરોપીયન સંઘના મજબૂત સંબંધ બદલ લક્ઝમબર્ગના પ્રધાનમંત્રીના સમર્થન બદલ આભાર માન્યો હતો.

. . . . . .

# DOCTORS ANTIBIOTICS

દેશના મુખ્ય તબીબી નિષ્ણાતોએ ઍન્ટી-બાયોટિક્સના વધુ પડતા ઉપયોગ અને તેના પરિણામે થતાં ઍન્ટી-માઈક્રોબાયલ પ્રતિકારની સમસ્યા સામે ચેતવણી આપી છે. ગયા મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “મન કી બાત” કાર્યક્રમમાં લોકોને તબીબોની યોગ્ય સલાહ સાથે જ ઍન્ટી-બાયોટિક્સનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો હતો.

આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા – ઍઇમ્સના સુક્ષ્મજીવવિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉક્ટર બિમલકુમાર દાસે કહ્યું, અનેક જીવાણુ સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી ઍન્ટી-બાયોટિક્સ માટે પ્રતિરોધક થઈ જતા તે બિનઅસરકારક બની છે.

વર્ધમાન મહાવીર તબીબી મહાવિદ્યાલય અને સફદરજંગ હૉસ્પિટલના નિદેશક ડૉક્ટર સંદીપ બંસલે કહ્યું , આ મુદ્દો એટલો ગંભીર થઈ ગયો છે કે , પ્રધાનમંત્રીએ પણ લોકોને ઍન્ટી-બાયોટિક્સનો વધુ પડતા ઉપયોગ બદલ ચેતવણી આપી છે.

. . . .

# VIJAY HAZARE TROPHY ELITE

ક્રિકેટની વિજય હજારે ટ્રોફી એલિટ સ્પર્ધામાં ઓડિશા સામે ગુજરાત, જમ્મુ કાશ્મીર સામે બરોડા અને સર્વિસીઝ સામે સૌરાષ્ટ્રનો વિજય થયો છે.

બેંગ્લોરમાં રમાયેલી મેચમાં ઓડિશાએ ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી. ગુજરાતે નિર્ધારિત 50 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 333 રન બનાવ્યાં હતાં. જવાબમાં ઓડિશાની ટીમ 28 ઓવર એક બોલમાં 100 રન પર આઉટ થઈ ગઈ હતી. ગુજરાત તરફથી સૌથી વધુ છ વિકેટ લેનારા ચિંતન ગજાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયાં. ટીમ તરફથી સૌથી વધુ 73 રન અક્ષર પટેલે બનાવ્યા હતાં.

. . . . .

# SQUASH FINAL

ભારતનાં અનાહત સિંધ બ્રિટિશ જૂનિયર ઑપન સ્ક્વૉશ સ્પર્ધાની ફાઈનલમાં પહોંચ્યાં છે. બર્મિંઘમમાં મહિલાઓની 19 વર્ષથી ઓછી વયની શ્રેણીની સેમિ-ફાઈનલમાં આજે તેમણે ઇજિપ્તનાં મલિકા અલ -કાર્કસીને સીધી રમતમાં પરાજય આપ્યો. 17 વર્ષનાં અનાહત સિંઘે 11-8, 11-7 અને 11-9થી વિજય મેળવ્યો. ફાઈનલમાં તેમનો મુકાબલો યુરોપિયન જૂનિયર વિજેતા અને બીજા ક્રમાંકનાં ફ્રાન્સનાં લૉરેન બાલ્ટાયન સાથે થશે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .